


શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર


# પરજિયા સોની સંદેશ

સર્વોનું... સુવર્ણ ગૌરવ


Email: sonisandesh1@gmail.com

વર્ષ : ૩૩ અંક : ૧૦-૧૧ પાના : ૪૦ તંત્રી : ભરત કે. સતિકુંવર ઓક્ટોબર-નવેમ્બર - ૨૦૨૨ મૂલ્ય : રૂ.૧૨/-


## દિવાળીની હાર્દિક શુભેચ્છા
## નૂતન વર્ષાભિનંદન

|| જય શ્રી રાંદલ મા ||

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા અને તેમના ધર્મપત્ની
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા (નાંદુરી) ના પુણ્ય સ્મરણાર્થે



સ્વ.જશોદાબેન ઓધવજીભાઈ વાયા



સ્વ.ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા

'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા





સ્વ.ગોરધનદાસ ઓધવજીભાઈ વાયા



સ્વ.મગનભાઈ ઓધવજીભાઈ વાયા


OM ALANKAR™
JEWELLERS
Wedding collection 2022
Everything Auspicious
Emotions crafted
into priceless jewellery
Kundan & Polki
jewellery spotlight
Shop No. 11 Aura Biplex Ramnagar Lane
Opp Leela Petroleum Borivali West
omalankarjewellers999@gmail.com
@omalankarjewellers
2866 3333/4444
+91 9136122916

# દિવાળી અને નૂતનવર્ષના પાવન અવસરે સર્વે જ્ઞાતિજનોને હૃદયપૂર્વક શુભકામના ...



**શ્રી વિજયભાઈ સતિકુંવર-પ્રમુખ**



**શ્રી જમનાદાસભાઈ ધકાણ-ઉપ પ્રમુખ**

સમાજની સુખાકારી અને અબાલ વૃદ્ધના ચહેરા ઉપરનું સ્મિત એજ અમારે મન સાચી દિવાળી અને નૂતનવર્ષ - આમતો દિવાળીની શરૂઆત વાક્‌બારસ (વાઘબારસ) ના શુભ દિવસથી પ્રારંભ થાય છે. વાક્ અર્થાત સરસ્વતી. આપણી સંસ્કૃતિ અને સભ્યતામાં જ્ઞાન-ઉપાસનાને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. 'ધનતેરસ' લક્ષ્મીની ઉપાસના અને કાળી-ચૌદસ અર્થાત શકિતની ઉપાસનાનો દિવસ અને આ ત્રિવેણી સંગમ એટલે દિપાવલી. દિવાળીનો પર્વ એટલે અંધકારનો નાશ અને તેજોમય પ્રકાશમાં પ્રગતિ તરફ પ્રયાણ, વર્ષ દરમ્યાન કરેલા વ્યવસાયિક- સામાજીક અને કૌટુંબિક બાબતોનું સરવૈયું. ધામિર્ક દ્રષ્ટિએ આસુરી શકિત ઉપર દૈવીશકિતનો વિજય, બાલ્યાવસ્થા અને કિશોર અવસ્થા માટે ફટાકડા ફોડવાનો, વિવિધ મિષ્ઠાન આરોગવા સાથે નવા વસ્ત્રો પહેરવાનો અને શાળામાં રજા પડી હોય ત્યારે મોજનો દરિયો ઉછળવા માંડે એજ દિવાળી.

તહેવારો આજે પણ એજ છે પણ સમય પ્રમાણે અર્થ અને વ્યવહાર બદલાઈ જતા હોય એવું લાગી રહયું છે. નવા દિવસોમાં જૂનો વેરભાવ ભુલી સુમેળ ભર્યા સબંધો સ્થાપિત કરવા જોઈ. જગત જનની-કુળદેવીની ઉપાસના કરી દિવ્ય અને ભકિતમય વાતાવરણમાં આત્મચિંતન કરી દૈવીગુણોને જીવનમાં આત્મસાત કરીએ. સમગ્ર સમાજ કલ્યાણની ભાવના સાથે શુદ્ધ ભાવે ઈષ્ટદેવને પ્રાર્થના કરીએ કે સહુને અજ્ઞાન, અહમ્, રાગદ્વૈષ અને છલકપટ જેવા આસુરીગુણોના અંધકારમાંથી પ્રેમ, ત્યાગ, સમર્પણ, ઉદારતા આદી દૈવીગુણોના પ્રકાશ તરફ લઈ જાય. વિતેલા વર્ષમાં બનેલી અઘટિત કે ન ગમતા બનાવોને ભૂલી દૈવીગુણોની દિવ્ય જયોત પ્રગટાવી નૂતનવર્ષની શૂભ શરૂઆત કરીએ.

વર્તમાન સમયમાં અનેક તકલીફો અને પડકારોનો સામનો સામાજીક અને વ્યવસાયિક ક્ષેત્રમાં આપણે કરી રહયાં છે. આમ છતા 'માં હિંગળાજ' ની અસીમકૃપા અને આશિર્વાદના સહારે નવા-નવા યોજનાઓ ઉપર વિચારવાની અને કામ કરવાની ક્ષમતા તથા પરસ્પર એકબીજાને મદદરૂપ થવાની ભાવનાને કારણે આવનાર નૂતનવર્ષ આપણા સૌ માટે સુખરૂપ, પ્રગતિશીલ, વિકાસશીલ બની રહેશે. આ વિકાસ યાત્રામાં સમાજના દરેક વર્ગને સહભાગી બનાવીશું. આપણા વેદ-ઉપનિષેદ અને પુરાણો હંમેશા ઉધ્વગતિનો સંદેશ આપે છે.

**શ્રી વિજયભાઈ સતિકુંવર-પ્રમુખ**
**શ્રી જમનાદાસભાઈ ધકાણ-ઉપ પ્રમુખ**



ઝગમગતા દીવાની ચમકથી પ્રકાશિત આ દીવાળીમાં તમારા ઘર આંગણામાં ધન ધાન્ય સુખ અને સમૃદ્ધિ સાથે ભગવાનના અનંત આર્શીવાદ લઈને આવે..

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન**

**જીતુભાઈ નારણદાસ સુરૂ – મંત્રી**



દીપોનો પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ હજાર લક્ષ્મીજી બિરાજે આપને દ્વાર અમારી શુભકામનાઓ કરો સ્વીકાર.

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન**

**ચેતનભાઈ રમેશભાઈ ઝવેરી – સહમંત્રી**



અંતરના કોડીયાને સ્નેહથી દીપાવજો, હૈયે હરખના તોરણ સજાવજો, આંગણે આવકારની રંગોળી રચાવજો, આવી છે દીવાળી દીલથી મનાવજો.

**ધર્મેશભાઈ અરવિંદભાઈ મીનાવાલા – સહ મંત્રી**

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન**



જ્ઞાતિજનોને ધનતેરસ, દીવાળી, ભાઈબીજ અને નવાવર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ. મા લક્ષ્મી આપનું જીવન સુખ  સંપતિથી ભરપૂર રાખે તેવી પ્રાર્થના

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન**

**તરૂણભાઈ હમીરભાઈ સોલંકી – ખજાનચી**



દીવો પ્રજવલિત રહે મન મળતા રહે, મનમાં રહેલી ગેરસમજ દૂર થાય, સમગ્ર વિશ્વમાં સુખ - શાંતિની પરોઢ થાય, આ પ્રકાશનું પર્વ તમારા જીવનમાં આનંદની ભેટ લઈને આવે.

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન**

**ગિરીશભાઈ રામજીભાઈ સાગર સહ-ખજાનચી**



દીવાળીના દીવા તમારા જીવનને ઉજવળ બનાવે, રંગોળી તમારા જીવનને વધુ રંગીન બનાવે તેવી ઈશ્વરને પ્રાર્થના

**નટવરલાલ નંદલાલભાઈ સતીકુંવર – સમિતી સદસ્ય**

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન**



ઝગમગતા દીવાની ચમકથી પ્રકાશિત આ દીવાળીમાં તમારા ઘર આંગણામાં ધન ધાન્ય સુખ અને સમૃદ્ધિ સાથે ભગવાનના અનંત આર્શીવાદ લઈને આવે..

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન**

**અમુભાઈ કાળીદાસભાઈ ઘઘડા – સમિતી સદસ્ય**

શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

પરજિયા
સોની સંદેશ

તંત્રી :
ભરત કે. સતિકુંવર

❖

પ્રકાશન સ્થળ
પરજિયા સોની સંદેશ
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

❖

મુખપત્રના માલિક
શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : 022-2898 3905
022-2899 9097
ફોન : +91-93244 35547
Email: sonisandesh1@gmail.com

❖

મૂલ્ય : રૂા. ૧૨.૦૦

❖

મુદ્રણ સ્થાન
નવકાર કોમ્પ્યુટર્સ
દુકાન નં. ૯, ગુલમોહર સોસાયટી,
હરીશંકર જોશી રોડ,
દહિસર (ઈસ્ટ),મુંબઈ - ૬૮

આજીવન લવાજમના દરો :
ભારતમાં : રૂા. ૫૦૦/-
વિદેશમાં : રૂા. ૩૫૦૦/-
લવાજમ તેમજ જાહેરાતના ચેક 'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી' (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.

## આ અંકમાં વાંચશો...

- તંત્રીના સથવારે...
- દીવાળી ઉજવીએ સૌ સાથ
- સુંદર વાસ્તુ
- શેર બજાર
- મારુ ધ્યેયઃ વિચારો મા ક્રાંતિ...
- સામાન્ય વાર્ષિક સભા ...
- રૂષિઓએ અને પૂર્વજોએ ઘણું ...
- ૩૩મો તેજસ્વીતા સન્માન સમારોહ...
- 'હું' અને 'આપણે' ...
- આવુ પણ ક્યારેક કરી શકાય...
- 'દીપાવલી' ખાસ ચિંતન (મૌલિક)
- ગુરુનું મહત્વ...
- ભેટ યાદી
- શ્રદ્ધાંજલી

## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

– કારોબારી કમિટિ

'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી-લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

**★ એજ્યુકેશન ફંડ ★**

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

**★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★**

શ્રી બાબુભાઈ શામળાદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા-દુબઈ)

**★ આર્થિક સહાય ★**

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

**★ કાયમી દાતા ★**

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

**★ સમૂહ લગ્ન ★**

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

**★ વિકલાંગ સહાય ફંડ ★**

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

**★ નેત્રબિંદુ સહાય ફંડ ★**

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

**★ મેડીકલ સહાય ફંડ ★**

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

**★ સોની સંદેશ નિભાવ ફંડ ★**

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા

**★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★**

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ


**★ આકસ્મીક સહાય ફંડ ★**

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

**વધુ વિગત માટે સંસ્થાની બેલેન્સ શીટમાં વર્ણવેલ મર્જર અકાઉન્ટ ને ધ્યાનમાં લેશો.**

તંત્રીના સથવારે...

# નવા વર્ષની હાર્દિક શુભેચ્છા



નવા વર્ષની શુભ શરૂઆતે આપણે એક સંકલ્પ લેવો જોઈએ કે મારે જીવનમાં ૧૦૦% સફળતા પ્રાપ્ત કરવી છે. પરંતુ "સફળતા એ કોઈ વૃક્ષનું ફળ નથી એ તો આપણી મહેનતનો સરવાળો છે. જીંદગીમાં તીવ્ર રીતે ઉત્પન્ન થયેલી ચાહના, વ્યક્તિગત રીતે, ધંધાકીય ક્ષેત્રમાં મળેલો યશ અથવા કોઈ નિશ્ચીત કરેલા ધ્યેય સુધી પહોંચવાનું છેલ્લુ સ્ટેશન આપણા જીવનમાં હકારાત્મક વલણ જ સફળતાની સીડીનું પ્રથમ સોપાન છે. બીજા લોકોની બુરાઈ કરવી બંધ કરી ભગવાને આપેલી શક્તિઓને યોગ્ય માર્ગેવાળી પ્રગતિ કરવાની ઝંખના જ સફળતાના ઉચ્ચ શિખરે લઈ જાય છે. સ્વયંની આલોચના અને ચિંતન-મનનની શરૂઆત જ સફળ થવાનું મુખ્ય કારણ છે.

નિષ્ફળતામાં જ સફળતાની ચાવી છુપાયેલી છે. સફળતા તેમને મળે છે જેમનામાં બારિકાઈથી અવરોધોને દૂર કરવાની ધગશ છે. આજે આર્થિક અને સામાજિક ક્ષેત્રે જબરજસ્ત પરિવર્તન આવી ગયું છે ડગલેને પગલે પડકાર છે તેને સામો પડકાર આપશો તો જીત તમારી જ છે. આજે નૈતિક મુલ્યોનો હાસ થઈ રહયો છે ઈમાનદારીનું તત્વ માનવીઓમાંથી ઓછું થઈ રહયું છે અને માનવતા મરી પરવારી છે ત્યારે વ્યક્તિગત અને સામાજીક સમસ્યાઓએ માથું ઉંચકશે છે. આજનો માનવ આત્મ કેન્દ્રીય બની ગયો છે. 'સ્વ' નું જ વિચારી રહયો છે આજના માનવમાંથી "વસુધમ કુટુંમ્બકમ'ની ભાવના લુપ્ત થઈ રહી છે. સફળ થવાના ફાયદા જ માનવીને સફળ થવાની પ્રેરણા આપે છે. તે સાથે ઉમંગ-ઉત્સાહ અને સાથે ઉત્સવો સાથે ઉજવવાની વિચાર જ્યોત જગાવે છે.

જીવનમાં સફળતા મેળવવા અને કંઈક નવું કરવાની ધગશ સાથે જ સમાજ પ્રત્યે આપણી ફરજો આપણે ભૂલવી ન જોઈએ સમાજ જ્યારે એકત્રિત થાયને ત્યારે તે એક તહેવારનું રૂપ ધારણ કરે છે. આત્મીયતા વધે છે. નવા નવા પરિચય થાય ને સારા વિચારોની આપલે થાય જે જીવનમાં ક્યાંક ઉપયોગી બને છે. આ બધું ત્યારે થાય જ્યારે સંસ્થા તરફથી કોઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે ત્યારે આજની યુવાપેઢી ની ૧૦૦% હાજરી હોય. ધ્યાનમાં રાખવા જેવી બાબત છે કે આપણી સફળતામાં ક્યાંય સમાજનું પણ યોગદાન મળે છે અથવા મેળવી શકો છો.

*– ભરત કે. સતીકુંવર*

## -: અપીલ :-

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી દ્વારા અનેક સહાય યોજનાઓ કાર્યરત છે. જેનો લાભ જરૂરીયાતમંદ પરિવારોને ઉપયોગી બને છે. આ કઠીન સેવાકાર્યમાં આપ પણ સહભાગી બની શકો છો. આપણામાં કહેવાય છે ને કે ફૂલ નહીંતો ફૂલની પાખડી' આપના તરફથી આપવામાં આવેલી પાખડી પણ એક બગીચાની ગરજ સારે છે. સંગઠીત, સુશિક્ષિત અને સ્વસ્થ સમાજના નિર્માણમાં સહકાર્ય કરીએ. વધુ માહિતી માટે સોની વાડી કાર્યાલયમાં સંપર્ક કરી શકો છો. ફોન નં +૯૧ ૯૩૨૪૪ ૩૫૫૪૭.

**– પ્રમુખ શ્રી વિજયભાઈ હંસરાજભાઈ સતીકુંવર**

## દીવાળી ઉજવીએ સૌ સાથ

દીવાળી ઉજવીએ સૌ સાથ
આજ આવી દીવાળીની રાત
લાવી ખુશીયા સારી સાથ
મનાવીએ ઉજવીએ આ ત્યોહાર
આપણે સૌ ભેગા મળી સાથ ..૧

આનંદનો પર્વ દિપાવીએ આજ
હોય ના કોઈ જાતનો ભેદભાવ
ગળે લગાવી હાથ મીલાવી સૌ સાથ
મનાવીએ દિપાવીએ બધા સાથ સાથ ..૨

ભલે હોય અમાસની અંધારી રાત
કરી દઈએ રોશનીથી ઝગમગાટ
ફટાકડા ફોડી ખૂબ ધૂમ મચાવીએ
ઘરના આંગણા રંગોળીથી સજાવીએ ..૩

**– અમૃતલાલ પી. સોની 'અમીત'**
**વેમ્બલી, (લંડન)**

**ઈશ્વરે બનાવેલ આ સૃષ્ટિ ખજાનાથી ભરેલી છે. પણ ચોકીદાર એક પણ નથી,સિસ્ટમ એવી ગોઠવી કે આ દુનિયામાં અબજો માણસો જન્મે અને મૃત્યુ પામે પણ કોઈ અહીંયાથી એક સળી પણ લઈ જઈ શકે નહી, ખાલી હાથે આવે અને ખાલી હાથે જાય**

## સુંદર વાસ્તુ



### કમરનો, ઘુંટણનો અને પાનીના દુખાવાનું કારણ

કમરનો, ઘુંટણનો અને પાનીના દુખાવાનું પહેલુ કારણ જો તમારૂ એરકંડીશન ઉત્તર દીવાલ અથવા પૂર્વ દીવાલ પર ૩' ફીટથી ૬' ફીટની વચ્ચે હોય તો કમરનો દુખાવો રહે છે. જો એરકંડીશનર ૬' ફીટથી ૯' ફીટની વચ્ચે રાખવામાં આવ્યુ હોય તો ઘુંટણ અને પાનીનો દુખાવો રહે છે અને તે જો ભોયતળીયા થી ૩ ફીટ પર રાખવામાં આવેતો માથાનો દુખાવો રહે છે.

કમરનો, ઘુંટણનો અને પાનીના દુખાવાનું બીજુ કારણ જો તમે ઈશાન (નોર્થઈસ્ટ) ખૂણામાં અથવા પૂર્વની મધ્ય અથવા ઉત્તરની મધ્યમાં ભારે વજન વાળી વસ્તુ રાખો તો તમને કમરનો દુખાવો રહેશે.

કમરનો, ઘુંટણનો અને પાનીના દુખાવાનું ત્રીજુ કારણ જો તમારા ઘરમાં બ્રહ્મ સ્થાન (મધ્યભાગ) માં સ્થંભ અથવા ભારે વજન વાળી વસ્તુ મુકવામાં આવે તો કમરનો દુખાવો રહે છે.

કમરનો, ઘુંટણનો અને પાનીના દુખાવાનું ચોથુ કારણ જો ઈશાન (નોર્થઈસ્ટ) ખૂણામાં અથવા પૂર્વની મધ્ય અથવા ઉત્તર ની મધ્યમાં ભારે વજનવાળા યંત્રો જેવાકે વિજળીથી ચાલતા હોય. મોટા ઓવેન, હીટર રાખવામાં આવે તો કમરનો દુખાવો રહે છે.

નોટ : આ ફક્ત ને ફક્ત સુંદર વાસ્તુ પરિવારનુ નિરીક્ષણ છે તેને બીજા કોઈ નિયમો સાથે સરખાવવુ નહી.

**– ડૉ. નિલેશ એન. શાહ**
**મોબાઈલ : 9821148571**

# શેર બજાર




**નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ આઉટલુક અને વિશ્લેષણ:** ઈન્ડેક્સને હવે ૩૦ સપ્ટેમ્બરના સપોર્ટ લેવલ ૧૬,૭૫૦ - ૧૬, ૮૦૦ પર સપોર્ટ લેવો પડશે. જો આ સપોર્ટ લેવલ તૂટશે તો આગામી સત્રોમાં શાર્પ સેલીંગ પ્રેશર નકારી શકાય તેમ નથી.

મંદીની વધતી જતી આશંકા પર નબળા વૈશ્વિક સંકેતો પર શાર્પ સેલીંગ તીવ્ર બની હોવાથી નિફ્ટીએ મનોવૈજ્ઞાનિક રીતે મહત્વપૂર્ણ ૧૭,૦૦૦ નું લેવલ તોડ્યુ હતુ, ૧૧ ઓક્ટોબરે દરેક સેક્ટર બેરીશમાં કલોઝ થયા હતા.

ઈન્ડેક્સ ફ્લેટ ૧૭,૨૫૬ પર ખુલ્યુ હતુ પરંતુ મોડા ટ્રેડમાં ૧૬,૯૫૦ની દિવસની નીચી સપાટીએ પહોંચવા માટે નીચે તરફ આગળ વધવાનું શરૂ કર્યું હતું. ઈન્ડેક્સ ૨૫૭ પોઈન્ટ એટલે કે ૧.૫ ટકા ઘટીને ૧૬,૯૮૩ પર બંધ થયુ હતુ.

તે અનુક્રમે ૧૭,૨૬૧, ૧૭,૧૦૫ અને ૧૭,૧૮૯ ની ૫૦, ૧૦૦ અને ૨૦૦ દિવસની મૂવિંગ એવરેજથી નીચે બંધ થયું, તેમજ ૨૦૦ દિવસની મૂવિંગ એવરેજ ૧૬,૯૮૬ પર બંધ થયું. તેણે ડેઈલી ચાર્ટ પર બેરીશ એન્ગલ્ફિંગ કેન્ડલસ્ટિક પેટર્ન બનાવી.

આપણે વૈશ્વિક લેવલ પર કોઈ રાહત જોઈ રહ્યા નથી, તેથી earning અથવા મેક્રો ઈકોનોમિક લેવલ પર કોઈ નિરાશા વધુ દબાણ લાવી શકે છે. ઈન્ડેક્સમા, અમે હવે નિફ્ટીમાં ૧૬,૮૦૦ પર નજર રાખી રહ્યા છીએ અને તેનો નિર્ણાયક બ્રેક રિકવરી ટ્રેન્ડને રિવર્સ કરશે.

વોલેટિલિટી ઈન્ડેક્સ India VIX ૪.૪૨ ટકા વધીને ૨૦.૪૯ના સ્તરે પહોંચ્યો છે, જે બુલ્સ માટે અગવડતામાં વધારો કરે છે. મહત્તમ કોલ ઓપન ઈન્ટરેસ્ટ ૧૭,૨૦૦ સ્ટ્રાઈક અને ત્યારબાદ ૧૮,૦૦૦ સ્ટ્રાઈક પર જોવા મળ્યો હતો, જેમાં કોલ રાઈટિંગ ૧૭,૨૦૦ સ્ટ્રાઈક પછી ૧૭,૧૦૦ સ્ટ્રાઈક જોવા મળી હતી.

મહત્તમ પુટ ઓપન ઈન્ટરેસ્ટ ૧૭,૦૦૦ સ્ટ્રાઈક અને ત્યારબાદ ૧૬,૦૦૦ સ્ટ્રાઈક પર જોવા મળ્યો હતો, જેમાં પુટ લખાણ ૧૬,૬૦૦ સ્ટ્રાઈક પછી ૧૬,૮૦૦ અને અનવાઈન્ડીંગ ૧૭૦૦૦ સ્ટ્રાઈક પર જોવા મળ્યું હતું.

ડેટા સૂચવે છે કે નિફ્ટી માટે તાત્કાલિક ટ્રેડિંગ રેન્જ ૧૭,૦૦૦ - ૧૭,૫૦૦ થી નીચી ૧૬,૮૦૦-૧૭,૨૦૦ પર શિફ્ટ થઈ છે.

બેન્ક નિફ્ટી ૩૯,૦૫૯ પર નેગેટિવ ખૂલ્યો હતો અને ઝિગ-ઝેગ રીતે આગળ વધ્યો હતો. તેણે બેરીશ કેન્ડલસ્ટિક પેટર્ન બનાવી પરંતુ ડેઈલી ના ચાર્ટમા ઈનસાઈડ બાર બનાવ્યો કારણ કે તે ૩૮૦ પોઈન્ટ ઘટીને ૩૮,૭૧૨ પર કલોઝ રહ્યો હતો. ૩૯,૦૦૦ અને ૩૯,૨૫૦ના લેવલ તરફ આગળ વધવા માટે બેંકિંગ ઈન્ડેક્સને ૩૮,૫૦૦થી ઉપર પકડી રાખવું પડશે, જ્યારે ૩૮,૨૫૦ અને ૩૮,૦૦૦ના લેવલ પર સપોર્ટ જોવા મળે છે.

**– ગાયત્રી કન્સલટન્ટ (મોબાઈલ : 9869007800)**
**STOCK MARKET TRAINING INSTITUTE**

Disclaimer : The recommendations made herein do not constitute an offer to sell or a solicitation to buy any of the securities. Readers using the information contained herein are solely responsible for their actions. Information is obtained from sources deemed to be reliable but is not guaranteed as to accuracy and completeness.

# મારુ ધ્યેય : વિચારો મા ક્રાંતિ

મેં હમેશાથી કહયુ છે અને આજે પણ કહું છું કે જીવનને સમજવા માટે આખુ જીવન પણ ઓછુ પડશે. આટલા સમયથી લખી રહી છું. વર્ષોથી હકારાત્મક , નકારાત્મક વિચારો વિશે વિચારી રહી છુ. છતા પણ મન કહે છે કે હજી તો ૧ ટકા જ હું સમજી શકી છુ. તો વિચારો કેટલુ જાણવાનુ અને સમજવાનુ બાકી છે . આજનો આ લેખ ભગવાનની ભકિત વિશે છે મે એક ખૂબજ સુંદર વિડીયો જોયો અને સાંભળયો છે તે મારા શબ્દોમાં રજૂ કરી રહી છુ.

આજના જમાનામાં ભકિતનો અર્થ સમજાવતા વાત આગળ વધી રહી છે કે ભગવાનની સાથે પણ લેવડ દેવડનો હિસાબ છે તમે મારૂ આ કામ કરી આપો તો હું તમારૂ આ કામ કરીશ કે આ માનતા રાખીશ કે આ ભેટ ચડાવીશ. ટૂંકમાં ભગવાનને જાતજાતની ઓફર અપાય છે અને જો કામ ન થયુ તો ભગવાનને જ બદલી નાખવાના તે વ્યકિતએ તેના વિડીયોમાં ખૂબજ ભારપૂર્વક કહયુ છે કે ભકિત એટલે પૂજા, પાઠ, આરતી, અર્ચના, ભજન, કીર્તન, આજ નથી. પરંતુ ભકિત એટલે સંપૂર્ણ સર્મપણ. આ ભાવ ત્યારેજ મનમાં આવશે જયારે ભગવાન પર સંપૂર્ણ વિશ્વાસ રહેશે. કે તે જે પણ કરશે તેમા મારુ કલ્યાણ જ હશે. અને તે બરાબર જ કરશે. તમારા જીવનમાં તમે કોઈ ઉંચા લક્ષ તરફ આગળ વધી રહયા છો. તમારૂ કોઈ સપનુ છે જીવનમાં ખૂબ આગળ વધવાનુ તો જાણી લો કે મુશ્કેલીઓ નિષ્ફળતા, નિરાશા, રીજેકશન, ઘણી તકલીફો રસ્તામાં આવશે જ આ બધુ માનીને ચાલવુ.. પરંતુ મનમાં એક એવો વિશ્વાસ રાખવો કે આપણાથી ઉપર એક એવી શકિત છે જે મારૂ ખરાબ કયારે પણ નહી થવા દે. બસ આ જ વાત તમને તમારા લક્ષ સુધી ૧૦૦ ટકા પહોચાડશે. આ જ શકિતનું નામ છે ભકિત.. આ ભકિતમાં આપણે જાતે જ પડીશુ અને આપણે જાતે જ ઉભા થઈશું. નવી ઉમંગ નવા જોશ સાથે કારણકે આપણને સંભાળવા માટે તો ઉપરવાળો હાજરાહજૂર છે. આજ સમર્પણ અને આજ ભકિત છે.

કેટલાક લોકોનું માનવુ છે કે ધર્મનો અર્થ છે અંધ વિશ્વાસ પરંતુ અંધ વિશ્વાસમાં તમે પ્રશ્નો પૂછી જ નથી શકતા. ગીતામાં અર્જુન જયારે શ્રી કૃષ્ણ ભગવાનને સતત સવાલો પૂછયા કરે છે. પરંતુ સમર્પિત થઈને કારણ તેને ખબર છે. મારા બધા જ સવાલોના જવાબ સાચા જ મળશે. શ્રી કૃષ્ણ મને સાચો માર્ગ જ દેખાડશે. કોઈ ડર કોઈ ચિંતા નથી, છે તો ફકત જીજ્ઞાસા. જે અર્જુનનો હક છે સાચી ભકિત તે કયારે પણ પોતાનો ફાયદો નહી જુએ. કઈક ખરાબ ઘટના બની હશે તો તેમાં પણ કંઈક તો સારૂ છુપાયેલુ છે એવો વિશ્વાસ ભરોસો હોય છે. ભકિત હમેશા નિષ્કામ હોય છે. કહેવામા આવે છે કે નાનુ બાળક હમેશાથી ભગવાનનુ જ રૂપ માનવામાં આવે છે. તેનુ મન સાચુ સારૂ નિષ્પાપ પવિત્ર હોય છે. સમસ્યાઓ તો મોટા થઈને જ શરૂ થાય છે. જેમા શરૂ તો આપણે કરીએ છીએ પણ આરોપો ભગવાન ઉપર લગાવીએ છીએ. વધુ વાત આવતા અંકમાં..

- લિ. નીતા જયપ્રકાશ સુરૂ

## સામાન્ય વાર્ષિક સભા

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા**

**તા. ૨૫/૦૯/૨૦૨૨ના રોજ ડી.કે. હોલ (સોની વાડી ) ખાતે સંપન્ન**

ગત વર્ષમાં જે સમાજ અગ્રણી, પૂર્વ સભ્યોનુ અવસાન થયું છે તેમને બે મિનિટના મૌન સાથે શ્રંધ્ધાજલી આપવામાં આવી.

આ સામાન્ય સભામાં પ્રમુખશ્રી વિજયભાઈ એચ. સતીકુંવર સહિત સમિતિના સદસ્યોએ હાજર રહી વાર્ષિક હિસાબોને મંજૂરી આપી હતી.

હાજર રહેલ સભ્યો સાથે અનેક બાબતોની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જેમાં આજીવન સભ્યો તરફથી સૂચનો આપવામાં આવ્યા હતા. હાલના પ્રમુખશ્રી વિજયભાઈ એચ. સતીકુંવર, ઉપપ્રમુખશ્રી જમનાદાસભાઈ ધકાણ સહિત કાર્યરત સભ્યોના કાર્યને બિરાદવ્યું હતું.

સંસ્થા વતી ગિરીશભાઈ સાગરે હાજર રહેલ તમામ આજીવન સભ્યોનો આભાાર વ્યકત કર્યા બાદ સભાનું સમાપન કર્યુ હતું.





ઝગમગતા દીવાની ચમકથી પ્રકાશિત આ દીવાળીમાં તમારા ઘર આંગણામાં ધન ધાન્ય સુખ અને સમૃધ્ધિ સાથે ભગવાનના અનંત આર્શીવાદ લઈને આવે..

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન**

**જીતુભાઈ નારણદાસ સુરૂ – મંત્રી**

## ૠષિઓએ અને પૂર્વજોએ ઘણું વિચાર્યા પછી બધું મૂક્યું હોય એવું લાગે છે.. કેટલાક ઉદાહરણો... જે નીચે મુજબ છે.

**૧. ગુજરાતી ડીશ..**

દરરોજ શરીરમાં ૪૦ mg જેટલા dietary fibre ની જરૂર હોય છે.. એટલે સંભારો રાખ્યો..

રોટલી કે રોટલામા વિટામિન હોય કચ soluble હોય છે એટલે સાથે oily ખોરાક જેમ કે શાક, અથાણું આપ્યું..

ભાત માં threlin and lysine નામના amino acid હોતા હોય છે.

**૨. ઉપવાસ**

આંતરડાંને આરામ મળે એટલે ઉપવાસ કરવાનું સૂચવ્યું..પણ વિજ્ઞાનિક કારણથી કીધું હોય તો કોઈ માને નહી એટલે ધર્મ સાથે જોડી દીધું..

શ્રાવણ માસ.....

**૩. હોળી અને દિવાળી..**

એ mass fumigation porgram છે..

આખા ગામ કે શહેર માંથી બધે ધુમાડો કરીને જીવજંતુઓ મરી જાય એના માટે..

(હવે આપણને અુ pollution લાગે છે..પણ bike કે car ચલાવતા તો pollution યાદ નથી આવતું..?!)

**૪. શિવજીને દૂધ..**

શિવજીને દૂધ ચડે અને બધું દૂધ વહી પૃથ્વીના પેટાળ સુધી જાય..જેથી જે જ્વાળામુખી પેટાળમાં છે એ સમયાંતરે શાંત થતો રહે અને એના લીધે ભૂકંપનું પ્રમાણ ઘટે..

**૫. મંદિર**

મંદિર એ વાસ્તવિક તો મન શાંતિ માટે બનાવેલા. મંદિરમાં પ્રવેશતાં જ ઘંટ વગાડવાનો, ઘંટના અવાજથી મગજમાં જતા vibration થી મનમાં હોય એટલા બધા જ વિચારો શમી જતા. અને ભગવાન એટલે પોતાની સાથે એકાંત.. પોતાની જાત સાથે વાત.. (ધર્મ સાથે જોડે એટલા માટે કે લોકો આવે.. બાકી વૈજ્ઞાનિક ભાષા કોઈ માનત કે સમજત નહિ)


**કોમ્પ્યુટર સાક્ષરતા – સેવા યજ્ઞ અભિયાન**

**સમાજ માટે રજુ કરે છે રાહત દરે કોમ્પ્યુટર સાક્ષરતા અભિયાન**

કોમ્પ્યુટર શીખવુ એ આજના સમયની એક અગત્યની જરૂરીયાત છે,
અને સ્વાવલંબી બનવા નો ઉત્તમ રસ્તો પણ. તમે કોમ્પ્યુટર શીખી કેરીયર નું ઘડતર કરી શકો.
એ હેતુ થી નીચે મુજબ રાહત દરે કોમ્પ્યુટર શિક્ષણ અભિયાન શરૂ કર્યું છે.

**Basic Computer Course - 2100/- | Tally Prime - 5100/-**
**Desktop Publishing (DTP) - 5500/-**

વધુ માહિતી માટે સંપર્ક :

**બીનીતા કાગદડા શાહ – 9833293535**


દીપોનો પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ હજાર લક્ષ્મીજી બિરાજે આપને દ્વાર અમારી શુભકામનાઓ કરો સ્વીકાર.

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન ચેતનભાઈ રમેશભાઈ ઝવેરી – સહમંત્રી**

**૬. પીપળો પાદરે!?**

પીપળો ફળિયામાં વાવવાનું વિચારીએ એટલે કોઈ વડીલ કેશે કે અપવિત્ર કહેવાય આંગણે ન વવાય.. જો પવિત્ર હોય તો પાદરે પૂજા શુ કામ?!

**૭. પીપળાની પૂજા શુ કામ?**

પીપળા માં થી વધુ પ્રમાણ માં Oxygen મળે છે. એટલે એને જો પાણી મળે દર વર્ષે તો વર્ષો જુના પીપળા જીવતા રહે અને આખા ગામને Oxygen મળતો રહે..

**૮. કોઈ પ્રસંગે આસોપાલવના તોરણ શુ કામ?**

આસોપાલવનું પાન તોડી લીધા પછી પણ ૨૪ કલાક સુધી oxygen આપતું રહે છે.. તો ઘરમાં પ્રસંગ હોય ત્યારે બધાને પૂરતો oxygen મળી રહે એ માટે આસોપાલવના તોરણ લગાવાય..

**૯. પૂનમ ભરવાનું..**

પૂનમ અને અમાસના દિવસે શરીરમાં પાણીનું પ્રમાણ વધઘટ થાય છે.એના કારણે માણસને જલ્દી ક્રોધ આવી શકે.. એટલે માણસ જો આવા સમયે ધર્મસ્થાનો માં જાય તો મન શાંત રહે અને ભક્તિમય રહે તો વિનાકારણ ઝગડા ન થાય..

- સંકલન



## સમુહ લગ્ન

**૩૦મા સમુહ લગ્નનું આયોજન તા. ૦૯-૧૨-૨૦૨૨ ને શુક્રવારના રોજ સોનીવાડી ખાતે કરવામાં આવેલ છે.**


**કંકાવટી પરિણય કેન્દ્ર**

એકમાત્ર સ્વતંત્ર, એકપણ રૂપિયો લીધા વગર નિઃસ્વાર્થ ભાવે દીકરી-દિકરાના પરિણય માટે મેળાપ કરાવતું કેન્દ્ર. (ફક્ત પરજીયા સોની માટે) ખાસ નોંધ : દીકરી માટે ખાસ પ્રાધાન્ય આપવામાં આવે છે અને દીકરીની માહિતી ગુપ્ત રાખવામાં આવે છે. દિપકભાઈ લક્ષ્મીદાસભાઈ ચોકસી (ધાણક) ભાવનગરવાળા.

શનિવાર - સાંજે ૫ થી ૭ સોનીવાડી,
બોરીવલી (પ), મુંબઈ-૯૨.
મો.: ૯૩૨૪૪ ૪૮૫૨૫
E-mail : kankavati2014@gmail.com

**ક્રિષ્ના મ્યુઝીકલ ઈવેન્ટસ**

લગ્ન ગીત, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા,
ડાયરો, હિન્દી મ્યુઝીકલ પ્રોગ્રામ

લગ્ન ના સંગીત મા **D. J.** અને
પ્રાર્થના સભામાં પ્રોફેશનલ ગાયકો
વાદકો દ્વારા આપના
પ્રસંગને સંગીતમય બનાવવા

સંપર્ક
એંકર, ઓર્ગેનાઈઝર, સીંગર
રાજુભાઈ સોનેજી - બોરીવલી - મુંબઈ

**Mobile No.: 99873 26689**
**What'sup No.: 87795 81274**

MAY-OCT-2022


પોતાની બીજા હલકા છે એવા વિચારવાળો માનવી દયાને પાત્ર છે.

# ૩૩મો તેજસ્વીતા સન્માન સમારોહ

દરેકના જીવનમાં ભણતર (એજયુકેશન) જરૂરી છે. એક દેશના વિકાસમાં પણ ભણતરની ભૂમિકા મહત્ત્વની બની રહે છે. ત્યારે આપણા સમાજની દરેક કાર્યરત સંસ્થા બાળકોના ઉત્સાહમાં વધારો કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી દ્વારા શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ (મુંબઈ) એજયુકેશન ફંડ શિક્ષણ સમારોહનું આયોજન કરવામાં આવે છે.

૩૩માં તેજસ્વીના સન્માન સમારોહની શુભ શરૂઆત નાની બાળકીઓના શુભ હસ્તે દીપ પ્રાગટય સાથે વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય સહિત સમાજના દરેક પરિવારને સુખ સમુદ્ધિ અર્પે તેવી માતાજી સમક્ષ પ્રાર્થના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યુ. પ્રભુની ભકિત સાથે જ દેશભકિત પણ જરૂરી છે.

૩૩માં શિક્ષણ સમારોહના કાર્યક્રમમાં મુંબઈ અને બહારગામથી પધારેલ દાતાશ્રીઓ, માનવંતા મહેમાનો અને સમાજ અગ્રણીઓના પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ નાના બાળકો અને દીકરીઓ દ્વારા વિવિધ નૃત્ય અને વિષય પર વકત્વય રજૂ કરવામાં આવ્યું. ત્યારબાદ પહેલા ધોરણથી ડીગ્રી સુધીના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને પ્રમુખશ્રી વિજયભાઈ સતીકુંવર, ઉપપ્રમુખ જમનાદાસભાઈ ધકાણ સહિત સમિતિના સદસ્યો અને પધારેલ મહેમાનોના શુભ હસ્તે ઈનામ, મેડલ, સર્ટીફિકેટ અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૩૩માં શૈક્ષણિક સન્માન સમારંભમાં કાંદિવલી (ચારકોપ)ના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ અમૃતલાલભાઈ સાગર, શ્રી બાબુભાઈ શામલદાસ ધાણક, શ્રી ભાવિકભાઈ હરિભાઈ ધકાણ, શ્રી બાબુભાઈ લલ્લુભાઈ સતીકુંવર (મુંબઈ) જામનગરથી, પૂર્વ પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ ધકાણ અમદાવાદથી પ્રમુખ શ્રી દિલીપભાઈ કાનજીભાઈ થડેશ્વર, રાજકોટથી કારોબારી સભ્ય શ્રી ધીરૂભાઈ હીરાભાઈ ઘઘડા, શ્રી ભૂપેન્દ્રભાઈ અમૃતભાઈ હંજ, મુંબઈ સંસ્થાના માજી પ્રમુખ વલ્લભભાઈ ધોરડા, સુરતથી યોગેશભાઈ ધાણક, શ્રીમતી નીલાબેન રાઠોડ (નારી તુ નારાયણી સુવર્ણ મહિલા સંગઠન-પ્રમુખ), વસંતભાઈ ચોકસી (યુવક મંડળ સહીત) અતિથીઓ ઉપસ્થિત રહયા હતા.

૩૩માં શૈક્ષણિક સન્માન સમારંભને સફળ બનાવવામાં એસવાય ગ્રુપના દરેકની મહત્ત્વની ભૂમિકા રહી છે તે માટે શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી તેમને અભિનંદન સહ આભાર પ્રગટ કરે છે.

જ્ઞાતિજનોને ધનતેરસ, દીવાળી, ભાઈબીજ અને નવાવર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ.
મા લક્ષ્મી આપનું જીવન સુખ સંપતિથી ભરપૂર રાખે તેવી પ્રાર્થના

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન**

**તરૂણભાઈ હમીરભાઈ સોલંકી – ખજાનચી**

# શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

## શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ (દુબઈ) એજ્યુકેશન ફંડ
## ૩૩માં શૈક્ષણિક સન્માન સમારંભની તસ્વીરી ઝલક






















# શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

## શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ (દુબઈ) એજ્યુકેશન ફંડ
## ૩૩માં શૈક્ષણિક સન્માન સમારંભની તસ્વીરી ઝલક
























# શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

## શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ (દુબઈ) એજ્યુકેશન ફંડ
## ૩૩માં શૈક્ષણિક સન્માન સમારંભની તસ્વીરી ઝલક










# શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

## શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ (દુબઈ) એજ્યુકેશન ફંડ
## ૩૩માં શૈક્ષણિક સન્માન સમારંભની તસ્વીરી ઝલક





















# શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

## શ્રીમતી મઘુબેન હરિભાઈ ધકાણ (દુબઈ) એજ્યુકેશન ફંડ
## ૩૩માં શૈક્ષણિક સન્માન સમારંભની તસ્વીરી ઝલક

























## ધોરણ – ૧૨ STD. - 12TH



ચાર્મી સુરૂ | જીગર સુરૂ | જીયા સાગર | કશીષ સાગર | નિધી ધકાણ



પ્રથાલી થડેશ્વર | શ્રેય ધકાણ | ઉર્વશી ઘઘડા | વંશ સાગર

## ધોરણ – ૧૩ STD. - 13.TH



ધારા ધાણક | હર્ષીલ સાગર | ખુશી કાગદ્રા | માનવ સલ્લા

## GRADUTE / POST GRADUTE & ENGINEERS




અનિકેત સુરૂ | અર્જુન ધકાણ | ભાવીક ઘઘડા | ધ્રુવી ધાણક | ધ્રુવીન સુરૂ | હેનીષા સાગર | હિરેન સાગર | જાનવી કાગડડા



જશ ધકાણ | જાનવી સાગર | કરન ઘઘડા | ખુશી ઘઘડા | કીંજલ ધકાણ | ક્રિષ્ના સુરૂ | કૃતીકા સલ્લા | મીત ઝવેરી



મીહીર સાગર | નીલ ધકાણ | નીધી સલ્લા | પાર્થ ધાણક | પાર્થ ધકાણ | રાગી ધકાણ | રીશી સલ્લા | રીયા પટ્ટની



નીયતી પટ્ટની | શ્રેયષ સલ્લા | ટીંવકલ સાગર | વત્સલ થડેશ્વર | અક્ષય ધકાણ | ફાલ્ગુની સુરૂ





Reg.No. E/34407

# શ્રી મંગલનાથજી મહારાજ (સિદ્ધ ટેકરી) ચેરીટેબલ ટ્રસ્ટ

સ્થળ : શોપ નં ૦૧, સોની ફોટો સ્ટુડીઓ, પેઠેવાડી, જાંબલી ગલી, બોરીવલી (પ.) મુંબઈ - ૪૦૦૦૯૨

શ્રી મંગલનાથજી મહારાજ ના દિવ્ય આશીર્વાદ થી દેવ ભૂમિ દ્વારકા માં ગૌશાળા, મંદિર, અન્નક્ષેત્ર અને આશ્રમ બનાવવા માટે નું આયોજન છે. તો આપ જેવા દાનવીર દાતાશ્રીઓ ની જરૂરત છે. આપસૌ આ ટ્રસ્ટ સાથે જોડાઈ ને આપની યથા શક્તિ મુજબ યોગદાન કરી આ કાર્ય આગળ વધારવા નમ્ર વિનંતી છે.



ગૌસેવા એજ પ્રભુ સેવા.
ગૌશાળા નિર્માણ માટે ફૂલ નહી ફૂલની પાખડી
તરીકે આપનું યોગદાન કરવા નમ્ર વિનંતી.



## વધારે જાણકારી માટે સંપર્ક કરવા વિનંતી

પ્રમુખ -
મહેન્દ્રભાઈ દેવરાજભાઈ સોની
(ધોરડા બગસરા - હાલ બોરીવલી)

મંત્રી -
સમીર મહેન્દ્રભાઈ સોની
(ધોરડા બગસરા - હાલ બોરીવલી)

**9321284089 / 9920431688 / 9930029662**

FOLLOW US ON

Website : www.shreemangalnathjicharitabletrust.com
Youtube : shreemangalmaharajtrust

## મહાઅષ્ટમી હવન







## કન્યા પુજન



દિનેશભાઈ ધકાણ
સંજય ડિ. ધકાણ
દેવાંગ ડિ. ધકાણ

॥ શ્રી ગણેશાય નમઃ ॥

નૂતન વર્ષાભિનંદન

દિનેશ તારપાટા એન્ડ છપાઈ વર્કસ

અમૃત તારપાટા
એન્ડ ડાઈસ કર્ટીંગ

રૂમ નં. ઈ-૫, નોંધા ભરવાડ ચાલ, કૃષ્ણા કોલોની,
મુલગાવકર હોસ્પિટલ ની સામે, દહિસર (ઈ), મુંબઈ - ૬૮
મોબાઈલ નં. : ૯૯૩૦૨૦૬૯૮૪ / ૨૮૨૮૧૦૯૬ / ૮૦૯૭૧ ૪૧૬૭૬ / ૯૮૩૩૮ ૬૪૬૧૬


સોની બેંકવેટ હોલ
એસી હૉલ
૩૫૦-૪૫૦
મહેમાનો માટે*
શુધ્ધ
શાકાહારી*
ઓપન કેટરર્સ*
આધુનિક સુવિધા ધરાવતા
ડિલક્સ AC રૂમ
* (શરતો લાગુ)
સોની બેંકવેટ હોલ
શિંપોલી ક્રોસ લેન, ઓફ એસ. વી. રોડ,
બોરીવલી (વે), મુંબઇ - ૯૨.
મો. 93244 35547
ફોન : 2868 3905 / 2899 9097
Email : sonisandesh1@gmail.com

## ★ ★ સોની સંદેશ જાહેરાતના નવા દર... ★ ★

**કલર પેજ એક અંકના – ફૂલ ₹૩૨૦૦/= આખા વર્ષના કલર પેજ – ₹ ૩૮૪૦૦/=**
**હાફ કલર પેજ એક અંકના – ₹ ૧૮૦૦/= આખા વર્ષની – ₹ ૨૧૬૦૦/=**
**બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ એક અંકના – ₹ ૧૮૦૦/=**
**આખા વર્ષની બ્લેક-વ્હાઈટ – ₹ ૨૧૬૦૦/=**
**હાફ પેજ એક અંકના ૧૦૦૦ આખા વર્ષના – ₹ ૧૨૦૦૦/=**
**એક અંકના કવાર્ટર પેજ – ₹ ૬૦૦/=**

| * ટચુકડી જાહેરાત * | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

| * ટચુકડી જાહેરાત * | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૩૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૨૫/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૭૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

*condition apply.

| FOR DONATION FROM FOREIGN | | | |
|---|---|---|---|
| | **For USD** | **For USD** | **For GBP** |
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with Institution SWIFT Code | Bank of Baroda, Business Financial Services Branch, Kandivali, Mumbai BARBINBBIBK |

| **Name with Address** | |
|---|---|
| Account Name | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society |
| Account Number | : 20260100023592 |

| **Bank Name** | **FOR DONATION IN INDIA** |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

# 'હું' અને 'આપણે'

પરિવર્તન એ સંસારનો નિયમ છે. તે સહુએ સ્વીકારવું રહયું આપણી જ્ઞાતિ એક સ્વાભિમાની અને ખુમારીવાળીની સાથે જ સંસ્કાર અને સંસ્કૃતિ જાળવનારી જ્ઞાતિ તરીકે ઓળખાય છે. એવા અનેકો દાખલા આપણા ઈતિહાસમાં ધરબાયેલા છે કે બહેન-દીકરીઓ કે ગાયો માટે આપણા વીર પૂર્વજોએ પ્રાણની આહુતી આપી છે.

હવેના સમય પ્રમાણે સમાજે લડાઈ કે પ્રાણની આહુતી નથી આપવાની પણ એકત્રિત થઈને સમાજનો વધુમાં વધુ વિકાસ કરવાનો છે. બાળકોનું ભવિષ્ય સંવારવાનું છે ત્યારે હજુ પણ અનેક લોકો અમે આમ કરતા અમે તેમ કરતાનો રાગ આલાપે છે. 'અમે' અને 'તમે' પરથી 'આપણે' શબ્દનો ઉપયોગ કરશું ત્યારે આપણા સમાજને આગળ વધતા દુનિયાની કોઈ તાકાત રોકી નહીં શકે.

આપણી જ્ઞાતિમાં અનેક દાનશ્રેષ્ઠીઓ છે જેઓ દાનનો ધોધ વહાવે છે. તે ધોધને જ્ઞાતિના જરૂરીયાતમંદ પરિવાર તરફ વાળવાનું કાર્ય માતૃસંસ્થા દ્વારા કરવામાં આવે છે. અનેક યોજનાઓ અમલમાં છે જેનો લાભ જરૂરીયાતમંદ પરિવારો મેળવે છે.

દરેક જ્ઞાતિજનોને કહેવાનું કે એક એવું સ્થાન અને પ્રબળ ઈચ્છા રાખો કે આવનારા સમયમાં દાનશ્રેષ્ઠીઓમાં આપનું પણ નામ ગર્વભેર લેવામાં આવે. કેટલું આપ્યુ એ મહત્ત્વનું નથી પણ આપ્યું એ જ મહત્ત્વનું છે. આપની યથાશકિત મુજબ સહયોગ આપી શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી તરફથી દાતાશ્રીઓના સહયોગથી ચાલતા સેવાયજ્ઞમાં સહભાગી બનો.

એક વ્યકિતનો વિકાસ એટલે પરિવારનો વિકાસ પરિવારનો વિકાસ એટલે સમાજનો વિકાસ અને સમાજનો વિકાસ એટલે દેશનો વિકાસ

જય હિંદ- જય માતાજી

***– ભરત કે. સતીકુંવર***


સમય અને સત્ય સાથે

**સ્વાભિમાન ભારત**

આપણુ દેશ આપણું ગૌરવ

**સમાચાર પત્ર તંત્રી : ભરત કે. સતીકુમાર**

**E-mail : bharat@swabhimanbharat.com**

YouTube Channel
SWABHIMAN BHARAT | PARAJIYA SONI

Website : www.swabhimanbharat.com



ઉષા જયેશ ધકાન

# શ્રી હરી કલેકશન

સમય : સવારે ૧૦.૩૦ થી રાત્રે ૯.૦૦સુધી

બાંધણી સ્પેશીયલ



ઉત્તમ પ્રકારની બાંધણી સહિત ડ્રેસ મટીરિયલ, કુર્તી મટીરિયલ માટેનું વિશ્વસનીય સ્થળ
નવરાત્રી અને દિવાળી નિમિત્તે વિશેષ છૂટ .... આજે જ પધારો .....

સ્થળ : ૫, નિકિતા સી.એચ. એસ. લિમીટેડ, હરિશંકર જોષી રોડ, મધુરમ હૉલ પાસે, દહિસર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૬૮. +91 98671 01734 | E mail: shree_hari_collection



# ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ

(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

આજથી શરૂ થતા દીવાળીના દરેક પર્વ માટે આપ સહુને હાર્દિક શુભેચ્છા, ઈશ્વર આપને અને આપના પરિવારને સુખ-શાંતિ, સમૃદ્ધિ, એશ્વર્ય અને તંદુરસ્તી અર્પે એજ શુભકામના

**અમુભાઈ કાળીદાસભાઈ ઘઘડા - સમિતી - સદસ્ય**

**શુભ દીપાવલી - નૂતન વર્ષાભિનંદન**

## આવુ પણ ક્યારેક કરી શકાય

રાજેશ અને પ્રિયાના લગ્ન ધામધૂમથી થયા. રાજેશનું કુટુંબ એક સંયુક્ત પરિવાર હતો જેમાં રાજેશ તેના મા - બાપ ત્રણ મોટા ભાઈ અને ત્રણ ભાભી. એમ સહુ કોઈ એક આદર્શ પરિવારની જેમ સાથે રહેતા હતા. આ કુટુંબમાં હવે પ્રિયા પણ ભળી હતી. પ્રિયા પણ સારા સ્વભાવની યુવતી હતી.

પણ પ્રિયાની મમ્મીનો સ્વભાવ જરા વિચિત્ર હતો. પ્રિયાને સાસરે તો મોકલી દીધી પણ ધીરે ધીરે તેણે પ્રિયાના ઘર સંસારમાં દખલગીરી કરવાનું શરૂ કર્યું. પ્રિયા પોતાના ઘરમાં કેટલુ કામ કરે છે. ઘરના સભ્યોનું વર્તન પ્રિયા સાથે કેવુ છે વગેરે વગેરે એ બધુ તેમણે જાણી લીધુ. પ્રિયા જયારે પણ પિયર જતી ત્યારે તેના મમ્મી પ્રિયાનાં પતિ અને સાસરીના અન્ય સદસ્યો માટે પ્રિયાના કાન ભરતા.

આથી પ્રિયા જયારે પણ પિયરથી સાસરે પાછી આવતી તેનું વર્તન જ બદલાઈ જતુ. કારણ વગરના ઘરમાં કંકાસ પણ થવા લાગ્યા. ઘરના સહુ કોઈને ખ્યાલ પણ આવવા લાગ્યો કે પ્રિયા જયારે પણ પિયર જઈને આવે ત્યારે ઘરમાં કંકાસ થતો. રાજેશ પણ સમજી ગયો. કારણકે પ્રિયાતો સમજદાર હતી પણ તેની મમ્મીની દખલગીરી અને ચડવણી પ્રિયાની સમજદારી પર પરદો પાડી દેતી હતી, પણ પ્રિયાને પિયર જતા રોકી શકાય તેમ નહોતી અને તેની મમ્મીના વિરૂધ્ધ પણ કંઈ બોલાય તેમ ન હતુ.

આ એક ગંભીર સમસ્યા હતી. જેનું નિરાકરણ જલ્દી લાવવુ જરૂરી હતુ. નહિતર રાજેશનું કુટુંબ વિખેરાઈ જાય તેમ હતુ. એવામાં પ્રિયાને પોતાના પિયરમાં કોઈ પ્રસંગ નિમિતે અઠવાડિયા માટે જવુ પડે તેમ હતું. ઘરના બધા મુંજાઈ ગયા કે હવે આ પ્રિયા પિયરથી આવ્યા પછી નવી કઈ સમસ્યા લઈને આવશે.

ભગવાન જાણે સવારે પ્રિયા પિયર જવા નીકળી ત્યારે આ વખતે રાજેશ પણ તેની સાથે પોતાના સાસરે જવા તૈયાર થયો. પ્રિયાને નવાઈ લાગી પણ રાજેશે સાથે જવાની જીદ કરી. પ્રિયા સાથે પોતાના જમાઈને પણ પોતાના આંગણે જોઈને પ્રિયાની મમ્મીને નવાઈ લાગી, છતાં હસતા મુખે બંન્નેનુ સ્વાગત કર્યું. બંન્નેને હૉલમાં બેસાડી પ્રિયાની મમ્મી રસોડામાં ચહા બનાવવા ગયા.

તરતજ રાજેશ પણ તેની મમ્મી સાથે રસોડામાં ગયો અને તેના સાસુને કહેવા લાગ્યો મમ્મી તમે તમારી દીકરી સાથે બહાર બેસો ચહા હું બનાવીને લાવુ છુ. સાસુને નવાઈ લાગી પણ સારુ પણ લાગ્યુ. છેવટે ઘણી આનાકાની પછી પ્રિયાના મમ્મી રસોડા માંથી બહાર આવ્યા.

થોડીવારમાં જ રાજેશ બધા માટે ચા - નાસ્તો લઈ હૉલમાં આવ્યો. પ્રિયાની મમ્મીની જેમ પ્રિયાને પણ નવાઈ લાગી. પછીતો આખો દિવસ તેના સાસુને ઘરનું કોઈ કામ કરવા ન દીધુ. મમ્મી - મમ્મી કરીને આખો દિવસ એક દિકરાની જેમ તેની આગળ પાછળ ફરી મનથી પ્રિયાની મમ્મીની સેવા કરવા લાગ્યો. આમ ચાર દિવસ પસાર થઈ ગયા. પ્રિયા અને રાજેશ પોતાના દગરે જવા નીકળયા. ત્યારે પ્રિયાના મમ્મી ગળગળા થઈ ગયા. આ વખતે પ્રિયાને તેમણે રાજેશ અને તેના કુટુંબ માટે એક શબ્દ પણ કહયો નહોતો.

વાચક મિત્રો આનું કારણ સમજાય છે ! કોઈની દીકરી સાસરે જઈને ત્યાંના સદસ્યોને પોતાના વર્તન અને સદસ્યો ને પોતાના વર્તન અને સ્વભાવથી દરેકને પોતાના બનાવવાની કોશિષ કરે

દીવો પ્રજવલિત રહે મન મળતા રહે, મનમાં રહેલી ગેરસમજ દૂર થાય, સમગ્ર વિશ્વમાં સુખ - શાંતિની પરોઢ થાય, આ પ્રકાશનું પર્વ તમારા જીવનમાં આનંદની ભેટ લઈને આવે.

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન – ગિરીશભાઈ રામજીભાઈ સાગર સહ-ખજાનચી**

છે. તો તેના પતિની પણ ફરજ છે કે એક દીકરો બનીને પોતાના સાસરીયાઓ સાથે વર્તન કરે ફકત પોતાના અહમને બાજુ પર મુકવાની જરૂર છે.

આપણુ કોઈ હોય એ તો સહુ કોઈ ઈચ્છે પણ પહેલા પોતે પણ કોઈના બનવુ પડે. સમજમાં આવે તો અમલમાં મુકવા જેવી વાત છે. જીવનમાં ઘણી સમસ્યાઓનો અંત આવી જશે.

કાઉન્સલર - શ્રુતિ આર. ધકાણ
૯૭૨૬૭ ૨૫૮૬૦

## Shree Parajiya Soni Suvarnakar Yuvak Mandal

After successfull Cricketing and Football season during the year 2022, Shree Parajiya Soni Suvarnakar Yuvak Mandal Mumbai is excited to announce multiple sports events for the year 2023.

**Turf events 2023- 8th Jan**

- Kids Cricket:
  Under 10 & 11 to 15yrs
- Women's Cricket
- Men's Cricket
  45 to 55yrs & above 55 yrs
- Football

**Indoor Sports 2023- 22nd Jan**

- Badminton
- Carrom
- Chess

**Open Ground Cricket 2023- April**

- Tennis Cricket
- Season Cricket

Gear up for exciting 2023! More updates following soon...

Praful satikuvar 9821258174
Jaysan Thadeshwar 9769929328
Hiren salla 9833936616

For ladies event
Sonal sagar 9820861875



*N. H. Beauty Saloon*

*Beautician : Rakhee Hitesh Satikuvar*

✆ 99309 09411 / 79773 34312

*Specialist in Bridal Make-up & Siders*

Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.

દીવાળીના દીવા તમારા જીવનને ઉજવળ બનાવે, રંગોળી તમારા જીવનને વધુ રંગીન બનાવે તેવી ઈશ્વરને પ્રાર્થના

**નટવરલાલ નંદલાલભાઈ સતીકુંવર – સમિતી સદસ્ય**

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન**

## 'દીપાવલી' ખાસ ચિંતન (મૌલિક)

'દીપ' સાથે જોડાયેલો ઉજાસ પાથરતો અને જીવનને અનેક ઉમંગોના પ્રકાશથી ભરી દેતો શબ્દ. દીપ+આવલી 'દીપોની હારમાળા' પ્રત્યેક ઘર આ તહેવારની આતુરતાપૂર્વક રાહ જુએ છે.

ઘર સફાઈ અભિયાન શરૂ થઈ જાય છે. બસ આજ રીતે મનની અંદર કામ-ક્રોધ-લોભ-મોહ અને શંકા-કુશંકાઓનાં જાળા સાફ કરવાનો પણ અવસર છે. ઋષી-મુનીઓ પોકારી પોકારીને કહે છે કે મોહમાયાના અંધકારને જ્ઞાનના દીપક જલાવી દૂર કરો. હકીકતમાં આ પૃથ્વીલોક માટે આત્માની ઓળખનો તહેવાર છે. દીપાવલી માત્ર ફટાકડા ફોડવાનો જ દીવસ નથી. આપણે અહંકારરૂપી બૉંબ ફોડી જીવનને અભિમાન વગરનું કરવાનો તહેવાર છે.

આખા વર્ષ દરમિયાન આવનાર વર્ષને કેવી રીતે જીવવું એની યોજના તૈયાર કરવાનો દિવસ છે. તમામ કુટુંબીજનો ભેગામળી ગેરસમજની ચકરડી દૂર કરે એ સુંદર અવસર છે દીપાવલી. આ દિવસે ચોપડા પૂજન કરવા બધા ચોપડા ખરીદે છે. પરંતુ આ તો દુકાન કે કંપનીના હિસાબો લખવા હોય છે. પણ જીવનરૂપી કર્મોનો હિસાબ લખવાનો ચોપડો કયારે ખરીદશું.?

આ નૂતનવર્ષમાં આપણે આપણો નિત્યકર્મનો સમય, સારા કર્મો, કરવાની પ્રતિજ્ઞાઓ અને અન્યને શકય હોય ત્યા સુધી મદદ કરી એમનાં જીવનમાં આનંદની દિવાળી કરવાનું નક્કી કરીએ

અંતે એટલું જ કહેલાનું કે દીપાવલીના આ મોંઘા મૂલ્ય તહેવારોની ગરીમા જાળવી પર્યાવરણને નુકસાન ન કરે એવા ફટાકડાઓ ફોડી ભાર વગરનું જીવન જીવવાનો અને કુટુંબીજનો સાથે મળીને પરસ્પર સ્નેહ-પ્રેમનું પવિત્ર ઝરણું પ્રગટાવીએ

લેખક-અજીત શાહ




**પથરી (સ્ટોન) ની દવા**

**સર્વ જ્ઞાતિજનોને જણાવવાનું કે જેમને પથરી (સ્ટોન)ની તકલીફ હોય એમને વિના મુલ્યે દવા આપવામાં આવશે.**

**સપર્ક : જીતુભાઈ સુરૂ**

**મોબાઈલ 98194 80767 / 96990 62664**

## ગુરુનું મહત્વ

ગુરુ અને ભગવાન બંને મારી સામે દેખાય છે. હું કોને પ્રણામ કરું?

હું એવા ગુરુ સમક્ષ પ્રણામ કરું છું જેમણે મને ભગવાનનો પરિચય કરાવ્યો.

જ્યારે સ્વામી વિવેકાનંદે પ્રથમ વખત રામકૃષ્ણ પરમહંસની મુલાકાત લીધી ત્યારે તેમણે પૂછ્યું કે દમેં ભગવદ ગીતા અને અન્ય ગ્રંથો ઘણી વખત વાંચ્યા છે, હું ગીતા અને રામાયણ પર પ્રવચન અને પ્રવચનો આપું છું. શું મારે હજી સંતના બંદરની જરૂર છે; શું મારે હજુ પણ ગુરુની જરૂર છે? રામકૃષ્ણએ વિવેકાનંદના પ્રશ્નનો જવાબ ન આપ્યો. થોડા દિવસો પછી રામકૃષ્ણે વિવેકાનંદને બોલાવ્યા અને દરિયાઈ માર્ગે થોડા કલાકો દૂર નજીકના ગામમાં પહોંચાડવાનું એક પાર્સલ આપ્યું. વહેલી સવારે હોડી અને નાવિક તૈયાર થઈ જશે અને તેણે ગામ જઈને નિયુક્ત વ્યક્તિને પાર્સલ પહોંચાડવાનું હતું.

વિવેકાનંદ સંમત થયા અને વહેલા શરૂ કરવાનું નક્કી કર્યું. તેણે હોડી અને ખલાસીને દરિયામાં જવા માટે તૈયાર જોયો. અચાનક, હોડીમાં બેસીને, વિવેકાનંદને સમજાયું કે તેમને ગામનો રસ્તો ખબર નથી. તેણે નાવિકની પૂછપરછ કરી જેની પાસે પણ કોઈ ચાવી ન હતી. વિવેકાનંદે તેમના ગુરુ પાસે પાછા જવાનું નક્કી કર્યું અને તેમને ગામનો સૌથી ટૂંકો રસ્તો પૂછ્યો.

આના પર રામકૃષ્ણે કહ્યું, "નરેન્દ્ર, જ્યારે અમે પહેલીવાર મળ્યા ત્યારે તમે મને પૂછેલા પ્રશ્નનો આ મારો જવાબ છેઃ આજે, તમારી પાસે માધ્યમ (નાવ), તમારી પાસે સાધન (નાવિક) છે, તમારી પાસે માર્ગ છે ( સમુદ્ર), તમે જાણો છો કે શું કરવું (પાર્સલ પહોંચાડવું) અને તમે એ પણ જાણો છો કે ક્યાં જવું છે પરંતુ તમને રસ્તો ખબર નથી. તેવી જ રીતે, તમે બધા શાસ્ત્રો વાંચ્યા છે, અને તમે તેના પર અદ્‌ભુત પ્રવચનો કરી શકો છો."

જો કે, શાસ્ત્રોના શાણપણને સમજવા માટે એક ગુરુની જરૂર હોય છે, જે પહેલાથી જ તે માર્ગ પરથી પસાર થઈ ચૂક્યો હોય જેથી તે તમને સફરમાં માર્ગદર્શન આપી શકે અને હાર ન છોડવા માટે પ્રોત્સાહિત કરી શકે.'

કેટલાક હું શોધું છું.

કેટલાક હું અર્ધજાગૃતપણે આકર્ષિત કરું છું.

ઘણીવાર, હું બીજાઓનું અવલોકન કરીને જ શીખું છું.

કેટલાક સંપૂર્ણપણે અજાણ હોઈ શકે છે કે હું તેમની પાસેથી શીખી રહ્યો છું, તેમ છતાં હું ખૂબ જ કૃતજ્ઞતામાં નમન કરું છું. દરેક વ્યક્તિ મારા શિક્ષક છે.

- સંકલન

અંતરના કોડીયાને સ્નેહથી દીપાવજો, હૈયે હરખના તોરણ સજાવજો, આંગણે આવકારની રંગોળી રચાવજો, આવી છે દીવાળી દીલથી મનાવજો.

**ધર્મેશભાઈ અરવિંદભાઈ મીનાવાલા – સહ મંત્રી**

**શુભ દીપાવલી – નૂતન વર્ષાભિનંદન**

# શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી
# તા. ૦૧-૦૯-૨૦૨૨ થી ૩૦-૦૯-૨૦૨૨
# સુધી આવેલ ભેટની યાદી

**શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)**
**એજ્યુકેશન ફંડ**

૧૫૦૩=૦૦ સોની મનીષભાઈ જીતેન્દ્રભાઈ ધકાણ (વેળાવદર) હાલ બોરીવલી સોની દિનેશભાઈ ધીરજલાલ ધાણક (બરડીયા) હાલ સુરત સોની દિપકકુમાર કાંતીભાઈ સાગર (જુના સાવર) હાલ કાંદીવલી તરફથી તેમના પ.પૂ. પિતાશ્રીના પુણ્ય સ્મરણાર્થે સંસ્થાને અર્પણ

૨૦૦૦=૦૦ બગસરાવાળા હાલ બગસરા દિલીપભાઈ વલ્લભભાઈ ધોરડા તરફથી સોની વાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ

૫૦૦૦=૦૦ શ્રી પરજિયા સોની જ્ઞાતિ સેવા સમિતિ અમદાવાદ દ્વારા શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ હસ્તે શ્રી દિલીપભાઈ થડેશ્વર

૧૦૦=૦૦ રાજુલાવાળા હાલ બોરીવલી સોની ભરતભાઈ હરિભાઈ જીણાદ્રા તરફથી સોની વાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ

૫૦૦=૦૦ મહુવાવાળા હાલ દહીસર સોની દેવાંગભાઈ હસમુખભાઈ સાગર તરફથી સોની વાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ

૧૧૦૦=૦૦ પાલીતાણાવાળા હાલ બોરીવલી સોની બાબુભાઈ લલ્લુભાઈ સતીંકુવર તરફથી સોની વાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ

૨૫૦૦=૦૦ રાજકોટવાળા હાલ રાજકોટ શ્રી સમસ્ત પરજિયા પટ્ટણી સોની જ્ઞાતિ મંડળ વતી સોનીવાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ હસ્તે ધીરૂભાઈ ઘઘડા

૧૧૧૨=૦૦ કાંદીવલી નિવાસી સોની પ્રભુદાસ મોરારજીભાઈ વાયા તરફથી સોની વાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ

૫૦૧=૦૦ કૂકાવાવવાળા હાલ કાંદીવલી સોની જયંતીભાઈ પ્રભુદાસભાઈ થડેશ્વર તરફથી સોની વાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ

૫૦૧=૦૦ વીરડીવાળા હાલ કાંદીવલી સોની મગનભાઈ દેવરાજભાઈ સતીકુંવર તરફથી સોની વાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ

૧૦૦=૦૦ મહુવાવાળા હાલ બોરીવલી સોની ગુણવંતભાઈ દામોદરભાઈ ધકાણ તરફથી સોની વાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ

૨૧૦૦=૦૦ અમરેલીવાળા હાલ બોરીવલી સોની દેવેનભાઈ જયંતીભાઈ સતીકુંવર

તરફથી સોની વાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ

૧૦૦=૦૦ ઈન્દોરવાળા હાલ મલાડ (ઈસ્ટ) સોની મનસુખલાલ કેશવલાલ થડેશ્વર તરફથી સોની વાડી સંસ્થાને શિક્ષણ સહાય ફંડમાં ખુશી ભેટ તેમજ શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરમા ૧ નંગ ચાંદીનું ત્રિશુળ ભેટ આપેલ છે. સંસ્થા આપનો આભાર માને છે.

૫૦૦/- કૂકાવાવ (મોટી) વાળા હાલ બોરીવલી નિવાસી મિલન નરેન્દ્રભાઈ પટણી તરફથી સ્વ. નરેન્દ્રભાઈ મનસુખભાઈ પટણીના પુણ્ય સ્મણાર્થે

**<u>સ્વ. રતીલાલ કરસનભાઈ ધકાણ સરસઈવાળા (દુબઈ) આર્થિક સહાય ફંડ</u>**

૨૦૦૦/- દર્શીની ભૂપેશ વ્યાસ તરફથી તેમના પ.પૂ. પિતાશ્રી ચંદ્રસેનભાઈ પોપટલાલ મીનાવાલાના દોઈત્તરના આર્થિક સહાય ફંડમાં અર્પણ

**<u>મેડીકલ સહાય ફંડ</u>**

૧૦૦૦=૦૦ નવી હળીયાદવાળા હાલ દહીસર સોની રાજવીર દિપકભાઈ ધનજીભાઈ ધકાણ તરફથી તેમના પ.પૂ. પિતાશ્રી સ્વ. દિપકભાઈ ધનજીભાઈ ધકાણના પુણ્ય સ્મરણાર્થે સોનીવાડી સંસ્થાને મેડીકલ સહાય ફંડમાં અર્પણ

૫૦૦=૦૦ દાઠાવાળા હાલ બોરીવલી સોની જયેશભાઈ મનસુખલાલ સુરૂ તરફથી સોનીવાડી સંસ્થાને મેડીકલ સહાય ફંડમાં ખુશી ભેટ

૧૦૦૦=૦૦ બાબરાવાળા હાલ કાંદીવલી સોની દેવેનભાઈ કમલભાઈ જગડા તરફથી સોનીવાડી સંસ્થાને મેડીકલ સહાય ફંડમાં ખુશી ભેટ

૫૫૫૧=૦૦ જેસરવાળા હાલ દહીસર (ઈસ્ટ) સ્વ. સોની તારાબેન જસવંતલાલ સાગરના પુણ્ય સ્મરણાર્થે શ્રી જસવંતલાલ સાગરના પરિવાર તરફથી સોનીવાડી સંસ્થાને મેડીકલ સહાય ફંડમાં અર્પણ

**<u>ખુશી ભેટ / વેવિશાળ / શુભ લગ્ન / સીમંત / કર પ્રસંગે ભેટ</u>**

૨૧૦૧=૦૦ શ્રી હિંગળાજ મહિલા મંડળ (ભાઈદર) તરફથી હવન માટે “નારી તુ નારાયણી મહિલા મંડળ” હસ્તક સોનીવાડી સંસ્થાને ખુશી ભેટ

**<u>સ્વ. સોની મગનભાઈ લાખાભાઈ ઘોરડા (બગસરાવાળા)</u>**

**<u>સ્વ. સોની વિજયાબેન (વલુબેન) મગનભાઈ ઘોરડા '' હેન્ડીકેપ'' વિકલાંગ સહાયફંડ</u>**

૧૦૦૦=૦૦ નવી હળીયાદવાળા હાલ દહીસર સોની રાજવીર દિપકભાઈ ધનજીભાઈ ધકાણ તરફથી તેમના પ.પૂ. પિતાશ્રી સ્વ. દિપકભાઈ ધનજીભાઈ ધકાણના પુણ્ય સ્મરણાર્થે

-------------------

શ્રી જયંતીલાલ ઘુસાભાઈ ધકાણ (જામકા વાળા) હાલ મુંબઈ તરફથી માતાજીના શણગારમાં સોનાનો ચાંદલો અર્પણ શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી તેમનો આભાર વ્યક્ત કરે છે

**શ્રી સમસ્ત પરજિયા સોની મહાજન સેવા ટ્રસ્ટ**

૧૦૦૦૦/- બગસરાવાળા હાલ મુંબઈ સોની વિજયાબેન મગનભાઈ લાખાભાઈ ધોરડા તરફથી દવા સહાયમાં અર્પણ

૧૦૦૦૦/- ચરવાળા હાલ મુંબઈ સોની શ્રી વિજયભાઈ હંસરાજભાઈ પટ્ટણી તરફથી દવા સહાયમાં અર્પણ

૧૦૦૦૦/- ઘુઘરાળાવાળા હાલ બોરીવલી સોની જંયતિલાલ માણસુરભાઈ થડેશ્વર તરફથી દવા સહાયમાં અર્પણ

**મેડીકલ સહાય ફંડ – સુધારો**

૫૧૦૦=૦૦ દાઠાવાળા હાલ કાંદીવલી સોની મહેશભાઈ મનુભાઈ સુરૂ તથા ભાવેશભાઈ મનુભાઈ સુરૂ તરફથી તેમના પ.પૂ. પિતાશ્રી સ્વ. મનુભાઈ જીવાભાઈ સુરૂની ઉત્તરક્રિયા નિમિત્તે મેડીકલ સહાય ફંડ

## નવમી પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ



### સ્વ. વિનોદભાઈ પ્રભુદાસ ચોકસી (જગડા)

જન્મ: તા. ૦૪-૦૩-૧૯૫૬
સ્વર્ગવાસ : તા. ૨૫-૧૧-૨૦૧૩

**પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરશાંતિ મળે એવી અભ્યર્થના કરી આપને શ્રધ્ધા સુમન અર્પણ કરીએ છીએ.**

ધર્મપત્ની : ભારતીબેન વિનોદકુમાર ચોકસી
પુત્રો : હિતેશ વિનોદકુમાર ચોકસી ✦ જીગ્નેશ વિનોદકુમાર ચોકસી
તથા સમસ્ત ચોકસી પ્રભુદાસભાઈ નાનજીભાઈ જગડા (બાબરાવાળા)
પરિવારના જય શ્રી કૃષ્ણ

પરોઢના પ્રાગટયની આલબેલ પોકારતા ભગવાન સૂર્યનારાયણ દેવના ઉજાસના સોનેરી કિરણો હળવે-હળવે અવની પર આગમનની તૈયારી કરી રહયાં હોય છે. સ્વજનો-સ્નેહીઓ અને મિત્રો સાથે રંગેચંગે નવાવર્ષનું સ્વાગત કરવા થનગનતા સહુને નવા વર્ષની હાર્દિક શુભેચ્છા સહ માતાજીને પ્રાર્થના નવું વર્ષ આપ સહુને સુખાકારી-નીરોગી બની રહે. અરસપરસ ભાઈચારો વધે, સંબધો સુમેળભર્યા રહે, સ્વજનો સાથે પરિવાર બને અને પરિવાર સાથે તહેવાર - જ્ઞાતિજનોને જય માતાજી

# સ્મરણાંજલિ



## સ્વ. લાભુબેન વિસામણભાઈ ઝવેરી
## (સ્વર્ગવાસ : તા. ૧૯ -૧૦ - ૧૯૯૮)

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી,
ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂકયા નહીં,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા.

એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના...
ૐ શાંતિ .... ૐ શાંતિ .... ૐ શાંતિ ....

**શોકાતુર પરિવાર**

સ્વ. શ્રી રમેશભાઈ વિસામણભાઈ ઝવેરી
શ્રી ચેતનભાઈ રમેશભાઈ ઝવેરી
શ્રીમતી મીતાબેન ચેતનભાઈ ઝવેરી
પ્રિયાંક ચેતનભાઈ ઝવેરી

॥ શ્રી ગણેશાય નમઃ॥

શ્રી શુભ

શ્રી લાભ






MAHESH A. DHAKAN

DIPESH M. DHAKAN

- Trusted name since 1981, giving best quality for more than 40 years.
- All kind of guaranteed dies cutting work is undertaken with best quality and satisfaction.
- Specialist In All Types Of Plain Amboss, Culcatti, Jali Cutting And Computer Die Cutting.
- We have Highest Collection of Jewellery Die In INDIA
- Specialist is all type of Antique Stamping Die With Best Quality And Variety Of Designs.
- All New Meena Kaarigari And Chappai Designs Also Available.

# SHREEJI DIES CUTTING

Follow us on : + 91 98330 03585/ 97698 37715

Shop No.14, Podar Shopping Centre, S.V. Road, Kandivali (W), Mumbai - 400067.

Nayan Prajapati
M.: 9870758080 / 7303340118

# VISAK
## Jewellery Tools

**Dealers of : Jewellery Tools, Hardware & All Jewellery Casting Material**



Gala No. B-34, Vaishali Industrial Premises No. 2,
Mhatre Wadi, Dahisar (West), Mumbai - 400 068.

**Office : 9821560338**
**E-mail : visakjewellerytools@gmail.com**

PARAJIA SONI SANDESH (Monthly) • OCT.-NOV. 2022 • R.N.I. No. MAHGUJ/2008/26726 • Postal Regn.No. MNW/85/2022-2024
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

# 'સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા





## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા) ના પુણ્ય સ્મરણાર્થે



હસ્તે

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :
**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**
સંચાલિત
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૯૨. ફોન : ૨૮૯૮ ૩૯૦૫ / ૨૮૯૯ ૯૦૯૭

TO,

Navkar Computers : M: 9833394936